


# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

પી.જી.ટી.આર.વિભાગ

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,રાજકોટ – ૩૬૦ ૦૦૫

ફોન નં. (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સ્ટે.૨૨૨ ફેક્સ નં.(૦૨૮૧) ૨૫૭૬૩૪૭ ઈ: મેઈલ-pgtr@sauuni.ac.in


નં.પીજીટીઆર/૧/ 67209/૨૦૨૩ તા. ૫/૧૨/૨૦૨૩

વિષય :- પીએચ.ડી. મેરીટ કમ પ્રવેશ પરીક્ષા – ૨૦૨૩-૨૪

પરિપત્ર :-

સૌરાષ્ટ્ર યુનિવર્સીટી સ્થિત અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ તથાજે વિષયનું ભવન નથી તેવા વિષયો જેવા કે **ANOTOMY, GEOGRAPHY, NURSING, PATHOLOGY, PERFORMING ARTS, POLITICAL SCIENCE** અને **RURAL STUDIES** વિષયના ચેરમેનશ્રીઓને જણાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩ -૨૪ માટે નીચેની વિગતે પીએચ.ડી. મેરીટ કમ પ્રવેશની કાર્યવાહી નિયત સમયમાં કરવાની રહેશે.

| | |
|---|---|
| ૧. | પીએચ.ડી.પ્રવેશની કાર્યવાહી **SAURASHTRA UNIVERSITY ORDINANCE – 2022** મુજબ કરવાની રહેશે. રેગ્યુલેશન / ઓર્ડીનાન્સમાં થયેલા વખતો વખતના સુધારાઓ ધ્યાનમાં લેવાના રહેશે. |
| ૨. | પીએચ.ડી. પ્રવેશ માટે રાજ્ય સરકારશ્રી અનામતની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. |
| ૩. | પીએચ.ડી.પ્રવેશ માટે લાયકાત ધરાવતા ઉમેદવારોએ તેમની સંશોધન દરખાસ્ત સાથે જરૂરી તમામ પ્રમાણપત્રો અને ગુણપત્રકોની સ્વ–પ્રમાણિત નકલો સહિત **DRC** માં નિયત કરેલ તારીખ અને સમયે અચૂક હાજર રહેવાનું રહેશે. |
| ૪. | મેરીટ તૈયાર કરીને તે મુજબ ડીપાર્ટમેન્ટલ રીસર્ચ કમિટી (DRC) માં ઉમેદવારોને માર્ગદર્શકોની ફાળવણી DRC મીટીગ પૂર્ણ થાય તે જ દિવસે કરવાની રહેશે.અને તેની એક નકલ તથા DRC મીટીગ ની સંપૂર્ણ મીનીટસ ની વિગત પી.જી.ટી.આર.ને મોકલી આપવાની રહેશે. |
| ૫. | ઉમેદવારોને માર્ગદર્શકશ્રીની ફાળવણી કરીને તેની યાદી સૌરાષ્ટ્ર યુનિવર્સીટી ની વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવાની રહેશે તથા પી.જી.ટી.આર. વિભાગને મોકલી આપવાની રહેશે.જેના આધારે જે ઉમેદવારો પ્રવેશ ને પાત્ર થયેલ હશે તેમને પીએચ.ડી.રજીસ્ટ્રેશન ફોર્મ પી.જી.ટી.આર.વિભાગ ઇસ્યુ કરશે. |
| ૬. | માર્ગદર્શકશ્રીની ફાળવણી થયેલ ઉમેદવારોની પીએચ.ડી. અંગે આવેલ યાદી મુજબ પીજીટીઆર વિભાગ દ્વારા નિયત ફી લઈને પીએચ.ડી. રજીસ્ટ્રેશન ફોર્મ આપવામાં આવશે. તેમજ પીએચ.ડી. રજીસ્ટ્રેશન ફી ભરવાની રહેશ.પીએચ.ડી. રજીસ્ટ્રેશન ફોર્મ સંપૂર્ણ રીત ભરીને DRC દ્વારા જે માર્ગદર્શકશ્રીની ફાળવણી કરેલ હોય તે માર્ગદર્શકશ્રી જો સંલગ્ન કોલેજના હોય તો તે કોલેજના |

| | |
|---|---|
| | આચાર્યશ્રી તથા માર્ગદર્શકશ્રીની સહી સાથે અને જો માર્ગદર્શકશ્રી ભવનના હોય તો તે ભવનના અધ્યક્ષશ્રી તથા માર્ગદર્શકશ્રીની સહી કરાવી સંપૂર્ણ પ્રમાણપત્રો સાથે નિયત કરેલી તારીખ સુધીમાં જે – તે ભવનમાં કે બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેનશ્રી પાસે જમા કરવાના રહેશે. |
| ૭. | તમામ માર્ગદર્શકશ્રીઓએ તેમજ વિદ્યાર્થીઓએ SAURASHTRA UNIVERSITY ORDINANCE – 2022 અને વખતો વખતના સુધારાઓ ધ્યાને લઈને તે મુજબ કાર્ય કરવાનું રહેશે. |
| ૮. | આ તમામ પ્રકિયા પૂર્ણ કરીને મોડામાં મોડું નિયત કરેલી તારીખ સુધીમાં તમામ ઉમેદવારોના પ્રમાણપત્રો / ડોક્યુમેન્ટસની સ્વ- પ્રમાણિત નકલ અને ગુણપત્રકોની સ્વ – પ્રમાણિત નકલ સહિત સંપૂર્ણ વિગત સાથેના પીએચ.ડી. / રજીસ્ટ્રેશન ફોર્મ અને નીચે દર્શાવેલ યાદી ડોક્યુમેન્ટસ ની ગોઠવણી કરી ઉમેદવાર દીઠ અલગ – અલગ ફાઈલ બનાવી ને ભવન અધ્યક્ષ / બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેનશ્રી મારફત પીજીટીઆર વિભાગમાં મોકલી આપવાના રહેશે. |
| ૯. | દરેક વિષયમાં પ્રત્યેક માર્ગદર્શક નીચે કેટલી જગ્યા ઉપર પ્રવેશ આપવાના છે તેનું લીસ્ટ મોકલી આપેલ છે. આ લીસ્ટ મુજબ ઉમેદવારોને માર્ગદર્શકશ્રીઓની ફાળવણી કરવાની રહેશે. ઉમેદવારોને માર્ગદર્શકશ્રી ફાળવતા પહેલા ઉમેદવારોના અસલ ગુણપત્રકો અસલ પ્રમાણપત્રો / ડોક્યુમેન્ટસ તેમજ માટેની લાયકાતની ચકાસણી કરીને પ્રવેશ માટે લાયકાત ધરાવતા ઉમેદવારોને જ માર્ગદર્શકની ફાળવણી કરવાની રહેશે. |
| ૧૦. | ઉમેદવારોને મળતી કોઇપણ પ્રકારની સ્કોલરશીપ માટે કોઇપણ ઉમેદવારની સંશોધક તરીકે નોધણી થાય ત્યારે તેવા ઉમેદવારના માર્ગદર્શકશ્રી જે સંસ્થામાં હોય તે સંસ્થા પાસે મળવાપાત્ર સ્કોલરશીપના નીતિનિયમોને અનુરૂપ માન્યતા ન હોય તો તે અંગે સૌરાષ્ટ્ર યુનિવર્સીટીની કોઇપણ પ્રકારની જવાબદારી રહેશે નહી. સ્કોલરશીપ માટે અરજીની પ્રકિયા થી શરૂ કરી સ્કોલરશીપના સંપૂર્ણ સમયગાળા દરમ્યાનના તમામ પત્ર વ્યવહારો સંશોધકના માર્ગદર્શકશ્રી જે ભવન / કોલેજના હોય તેમના મારફત જ કરવાના રહેશે. |

કુલસચિવ

પ્રતિ,

૧. સૌરાષ્ટ્ર યુનિવર્સીટી સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ.

૨. તમામ પીએચ.ડી.માર્ગદર્શકશ્રીઓ તરફ.

<u>નકલ રવાના :-</u>

૧.માન.કુલપતિશ્રી ૨.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી